નેકનામદાર, ખુદાવંદ, ખુદાયગાન, આલીશાન,
ફેજબક્ષ, ફેજગશાન, (દીવાનજી) મહાખાન.
પાલનપુરાધિપ, નવાબશ્રી, ૭ સર.

# શેરમહમદખાનજી

કે. સી. આઇ. ઇ. ના ચાંદોત્સવના
દરબાર વિશે કવિતાઓ.

રચનાર પ્રસિદ્ધ કરનાર.
કવિ. શીવલાલ ખુશાલભાઇ બ્રહ્મભટ.

અમદાવાદ.

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રીન્ટીંગ અને જ૦
એજન્સી કંપની લીમિટેડના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સંવત ૧૯૫૦. સન ૧૮૯૩.

મુલ્ય ૨ આના.

શ્રી.

નેકનામદાર, ખુદાવંદ, ખુદાયગાન, આલીશાન, ફેજબક્ષ,
ફેજરશાન, મહાખાન, (દીવાનજી) પાલનપુરાધિશ,

# નવાબશ્રી૭સર. શેરમહમદખાનજી કે. સી. આઇ. ઈ. ના ચાંદોત્સવના દરબાર વિશે કવિતાઓ.

દોહરો.

ખુંમજ મન ખૂશી રહેં, ચાતક દેખી ચંદ;
તૈસે અનાયત આપકુ, દેખી ભયો અનંદ. ૧

ધોળ રાગ તુલસીદાસના જનરખ વિવાહનો.

પ્રથમ પુજી પરવરદીગારના પાયરે;
શેરમહમદખાનનો ચાંદોત્સવ રચાયરે. ટેક.
પ્રથવી પ્રસીદ્ધ પાલનપુરના નિવાસીરે,
જેમણે જગમાં અવિચળ કીરતિ વિકાસીરે. પ્રથમ.૧
કર્યાં મોટાં પરોપકારી બહુ કામરે;
ધરા મધ્યે ધર્માદાનાં બાંધ્યાં ધામરે. પરથમ. ૨
રાજ્ય સુધારા રૂડી રીતે કીધારે,
નીર્મળ ન્યાય નવાબ સાહેબે દીધારે. પરથમ. ૩

આવી અદ્દભુત કીરતી સુણી સરકારરે,
લૉર્ડ હેરીસ સાહેબે ભરવા દરબાર. પરથમ. ૪
કે. સી. આઈ. ઈ. નો વડો ખીતાબ ને ચાંદરે;
અનાયત કરવા હજુરને અમદાવાદરે. પરથમ. ૫
આમંત્રણ કીધું અનોપમ અતિ સારરે;
કૈશરેહિંદે સારો કરી સતકારરે. પરથમ. ૬
આ ઉત્સવમાં ભાગ લેવા ભડ ભુપરે;
તેડાવિયા નવાબ ઠાકોરને નૃપરે. પરથમ. ૭
મુબારક તેમનાં નામો કઈ ઉચ્ચારરે,
અમદાવાદ પધારચા રાજા દરબારરે. પરથમ. ૮
ઈડર કેરા રાઠોડ રવિકુળ ભાણરે,
કેશરિસિંહજી મહારાજા સુજાણરે. પરથમ. ૯
ધરમપુરના મહારાણા જે મોહનદેવરે,
ભાઇ તેમના પધાર્યા પ્રભાતદેવરે. પરથમ. ૧૦
મરહુમ મહારાણા હરિદેવજીના કુમારરે,
ચંદ્રદેવજી ને છાળીએર દરબારરે. પરથમ. ૧૧
રાવ બહાદુર ત્રીકમલાલ પ્રધાનરે,
જ્ઞાતે બ્રહ્મ ક્ષત્રિ વડા વિદ્વાનરે. પરથમ. ૧૨
વાંસદાના પ્રતાપસિંહ પુણ્યવાનરે,
મહા રાઊલજી ને ઝવેરભાઈ દીવાનરે. પરથમ. ૧૩

બારીઆના માનસિંહજી મહા રાઊલરે,
પતાઈ રાઊલનું પ્રતાપી જેમનુ કુળરે. પરથમ. ૧૪
રાવ બહાદુર હરીલાલ મનસુખરામ વજીરરે,
દાના સરદાર મુત્સદી મહા ધીરરે. પરથમ. ૧૫
ઉદેપુરના મોતીસીંહજી મહારાજાનરે,
રાવબહાદુર મનસુખરામ દીવાનરે. પરથમ. ૧૬
વાડાસીનોરના મનોવરખાનજી નવાબરે;
બાબી બહાદુર જબરા પધાર્યા જનાબરે. પરથમ. ૧૭
સુંથ કેરા પ્રતાપીકુળ પરમારરે,
મહારાજાજી પ્રતાપસિંહજી ઉદારરે. પરથમ. ૧૮
વાસણાના તખતસીંહજી દરબારરે;
જેમની ઉજળી કીરતિ આલમમાં અપારરે. પરથ.
કટોસણના કરણસીંહજી દરબારરે,
પધારચા લેઈ પોતાના રાજકુમારરે. પરથમ. ૧૯
પાલનપુર એજનસીના દરબારરે,
થરાદ, દીઓદર આદે પધાર્યા અપારરે. પરથમ. ૨૦
પોહ પધાર્યા પ્રથ્વીના રાજાન,
લખ્યા જેમનુ હૈએ આવ્યું ઓસાનરે. પરથમ. ૨૧
મનોહર લીલા અદભુત રચી અમદાવાદ,
જેને જોઈ મટે મોટા વિશાદરે. પરથમ. ૨૨
ઝાડોએથી રોશની રચી શાહીબાગરે;

શોભા જાણે કોટી સુરજ મહાભાગરે. પરથમ. ૨૩
નેજા નીશાન ફરૂકે ફકડ જરતારીરે;
જોવા જાએ સકલ શહેર નરનારીરે. પરથમ. ૨૪
ઠામે ઠામે દરવાજા અદભુત કીધારે,
રોશનાઇ કેરા ગલાસ તેમાં ટાંકી દીધારે. પર. ૨૫
તરતીબ તોરણ તાજાં બાંધ્યાં અપારરે,
ફેલાવીને ફુલોના અનોપમ હારરે. પરથમ. ૨૬
પચરંગી ફાનસ કરી પરીધાનરે,
અદભુત લીલા રચી મહા શોભામાનરે. પરથમ. ૨૭
શીવો કહે મંગળ શોભાનો નહી પારરે,
ગ્રંથ મોટો. થાએ કરતાં વિસ્તારરે. પરથમ. ૨૮

## ઠુમરી બરવાની.

સખા પ્રત્યે.

જલસા જોને લાયકહે લો,નવાબ આયે પાલનપુરકા; ટેક.
ઝીંગડ ઝીંગડ જહાં નોબત ઝનકે,બેંડ બજે માઠે સુરકા.
જાહોજલાલીસેં જબરે રાજાન,આયેહંગે બોહોત દુરકા.જ.
દેખ દીવાનકું દીલખુશ હોવે,ઐસા હુસેન ઝીંનકેઉરકા.જ.
શેરમહમદખાન સૃષ્ટી ધ્યાને,પર્ન પ્રતાપી પઠાનકુલકા.જ.
શાહાજાદાખુબસુરત શાહાકા,મદનબીકાસીતકંવલફુલકા.
અત્તર સુગંધ અનુપ ઉડરહા,ગહેરાસુગંધગુલાબીગુલકા.

# લાવણી.

"ખુશ રહો શનમ જા મેરા બિધા એલી" એ રાહ.

શેરમહમદખાનજી ખુબ ખલકમાં સારી,
ધન્ય અચળ કીર્તિ આપે અધિક વિસ્તારી; ટેક.
ધન્ય રૂડી રીતે ચલાવી સુરાજ્ય નીતિ;
મેળવી મહારાણી કૈશરેહીંદની પ્રીતિ. શેરમહ. ૧
ધન્ય નીર્મળ ન્યાય કરાવી નવાબ નુરાની;
ધન્ય પ્રજા ઉપર પ્યાર અતિશે આણી. શેરમહ. ૨
ધન્ય પરોપકારી વદન વિમળ વિકાશી,
પરીમલ સુગંધી પૃથ્વી માંહે પ્રકાશી. શેરમહમદ ૩
ધન્ય મુખ કમળમાં મૃદુ મધુરી વાણી;
ધન્ય પરમારથનાં પીડ જીગરમાં જાણી. શેરમહ. ૪
લૉર્ડ હેરીસ ગવરનરે, ચાંદ અનાયત માટે;
ભર્યો ભારે દરબાર ભીમનાથને ઘાટે. શેરમહમદ. ૫
સુશોભાવી શાહીબાગ પાદશાહવાડી;
જ્યાં સાભર પુલપર પસાર થાયે ગાડી; ૬
દેશ દેશના મહારાજા માહા રાઊલ;
ઠાકોર ઠકરાતે ભર્યો તેમાં નહી ભુલ. શેરમહમદ. ૭
પાલનપુરના પોલીટીકલ સાહેબ આવ્યા;

કચેરી મંડળ સાથે સહુ તે લાગ્યા. શેરમહમદ. ૮
સાદરા પોલીટીકલની આવી અદભુત સ્વારી;
નાથાભાઇ આવે એજનસીના અધિકારી. શેરમહ. ૯
નેટીવ આસીસ્ટંટ ફુલેરાયજીભાઇ;
સાદરા માંહે સુ કીરતી જેમણે છાઇ. શેરમહમદ. ૧૦
દાના સરદાર દીવાન દુલભજીભાઈ;
સહુ કચેરી મંડળ સાથે આવ્યા સુખદાઈ. શેર. ૧૧
નાયબ કારભારી શોભાગચંદભાઇ સારા;
આવ્યા અમીરને ઉમરાવ સીપાઇ અસવારા.શેર.૧૨
જજ કલેકટર અમદાવાદના સાહેબ શાણા;
દીપ્યુટી ફોજદાર વકીલ મામલતદાર દાના. શેર.૧૩
માસ્તર મુત્સદી શેઠ અને શાહુકારો;
હીંદુ મુસલમાનથી મેલાવડો મળ્યો સારો. શેર. ૧૪
મંગળ લીલાથી મેહેલ મેહેરાબ સુધારી;
લૉર્ડ હેરીસ સાહેબ પ્રીતે પોતે પધારી. શેરમહ. ૧૫
ધન્ય ઉલટ ભેરે ચાંદ અનાયત કીધો;
કે. સી. આઇ. ઇ.નો કીતાબ કોડે દીધો. શેરમહ. ૧૬
એહ માનવંતો મર્તબો મોટો આપી;
ધન્ય અચળ કીરતી જુગમાં ઝાહેર સ્થાપી. શેર.૧૭

અઠાવીસમી નવેંબર અરાઢ તાણું;
ચાંદ અરપ્યા હેડે પાન ગુલાબ વેંચાંણું. શેરમહ. ૧૮
આ ચાંદોત્સવ રહો ચિરકાલ લગ જામી;
ખલ્ક પતિ કરેના કોઇ તરેહથી ખામી. શેરમહ. ૧૯
સીવો કહે શાહાજાદા સુખી રાખો સાંઇ,
તાલેમહમદ આઘે અવિચળ આ જુગ માંઈ. શેર. ૨૦
રાજ્ય મુબારક માલીક આપનું કરજ્યો,
દીર્ઘાયુશી થઇ થિર થાનકે ઠરજ્યો. શેર મહમદ. ૨૧

# પેઢીઓનાં મુબારક નામ.*

## દોહરા.

પ્રથમ પ્રભુને પ્રણમી, સમરૂ સુંઢાળો દેવ;
મંગલ કાર મહેશનો, આનંદ રખે અહમેવ; ૧
પ્રથમ પાલનપુર લીયો, ફીરોજખાને જીત;
રેઠાન હર્કે રોફસેં, બિરાજ્યા પરમ પવિત્ર. ૨
પ્રખ્યાત યોદ્ધ પ્રગટ ભયે, બાપ બેટા બલવાન;
મુજાહિદખાન દોનું મિલિ, મુલક જીત્યો મુલવાન. ૩
બહાદુરીસેં મેલવ્યા, નવાબકા અલકાબ;
સમસિર બ્હાદુર સો ભયે, જાજુલમાન જનાબ. ૪
તાકે ભાઇ સલીમખાન, હુવે તખ્ત નશીન;

તા પીછે કમાલખાન, પ્રગટે નવાબ પ્રવિન. ૫
ઉસ પીછે ફિરોઝખાંન, ફિર કરિમદાદખાન;
જીનકુ અનાયત હુવે, પાલનપુર પુણ્યવાન. ૬
પીછે હુવે પહાડખાન, ઉનકુ નહીં સંતાન;
ચાચા ફીરોજખાનકા, બૈઠે બહાદુરખાન. ૭
તિનકે સુત સલીમખાન, ફિર હુવે શેરખાન;
શાહજાદા બીન સો ગયે, ભાઇકા લે જાન. ૮
તીનુંકા ભાનેજકું, ભેને દીયા રાજ;
ઉસકુ બૈઠક નાં દીયા, હોઇ લોક નારાજ. ૯
ફિર ભયે સમશેરખાન, શેરખા'કા પિત્રાઇ;
બૈઠકે ગાદી પેં બહુત, ઉલટી નિત ચલાઇ. ૧૦
ઉસ લીએ ફ્રિરોજખાન, ગાદીપેં ગુનવાન;
હક અપના દીખલાયકે, બૈઠે શોભામાન. ૧૧
જહાંપના જીસકે ભયે, ખલ્ક મ્યાને ખ્'મ;
જસ્વાં જોરાવરખાનજી, મર્તબાદાર મ્હેબુબ. ૧૨
સર. શેરમહમદખાનજી, હાલહે જો નવાબ;
તનદુરસ્તીસેં ભોગવો, ઇજત ઓર ઇલકાબ. ૧૩
ઉતાવલથી યહ કીયો, નાનો ગ્રંથ નવીન;
દોષ કોય દેશો નહીં, સુકવિ સરદાર પ્રવિન. ૧૪

* જાલોરમાં થએલ નવાબોનાં નામ લીધાં નથી.